પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૩ કુલ પાના : ૪ તારીખ : ૨૪-૦૮-૨૦૨૪ શનિવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીને મળ્યા: ભારત અને યુક્રેન વચ્ચે ચાર કરાર થયા

કિવ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસોમાં યુરોપમાં છે. તેઓ પોલેન્ડની બે દિવસીય મુલાકાતે ૨૧ અને ૨૨ ઓગસ્ટના રોજ રાજધાની વોર્સોમાં હતા. આ પછી પીએમ મોદી ટ્રેન દ્વારા યુદ્ધગ્રસ્ત યુક્રેન પહોંચ્યા. તેમની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે વાતચીત કરી હતી તેમણે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ પર પણ ચર્ચા કરી હતી

પીએમ મોદીની કિવ મુલાકાત દરમિયાન ભારત અને યુક્રેન વચ્ચે ચાર સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી વચ્ચે મુલાકાત થઈ હતી. જેમાં સાંસ્કૃતિક ક્ષેત્રે સહકાર, આરોગ્ય ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે સહકાર અને માનવીય સહાય અંગે કરારો થયા હતા.વડાપ્રધાનની મુલાકાત અંગે કેન્દ્રીય મંત્રી હરદીપ



સિંહ પુરીએ જણાવ્યું હતું કે પોલેન્ડ અને યુક્રેનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીનો શાંતિ અને કૂટનીતિનો સંદેશ માત્ર આ મુલાકાતમાં જ નહીં પરંતુ અન્ય દેશોમાં ગુંજી રહ્યો છે.

પીએમ નરેન્દ્ર મોદીના યુક્રેન પ્રવાસને લઈને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે કહ્યું કે પીએમ મોદીની યુક્રેનની મુલાકાત રશિયા-યુક્રેન યુદ્ધને રોકવામાં મદદરૂપ થશે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીને મળ્યા બાદ મોદીએ ટ્વિટર પર ટ્વિટ કર્યું હતું. પીએમએ લખ્યું કે મેં અને રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ કિવમાં શહીદ વિજ્ઞાની પ્રદર્શનમાં શ્રદ્ધાંજલિ આપી. તેણે લખ્યું કે રશિયા-યુક્રેન સંઘર્ષ ખાસ કરીને બાળકો માટે વિનાશક છે. આ સંઘર્ષમાં જીવ ગુમાવનારા બાળકોના પરિવારો પ્રત્યે મારી સંવેદના છે. હું પ્રાર્થના કરું છું કે તેને આ નુકસાન સહન કરવાની શક્તિ મળે. વડાપ્રધાન મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી કિવમાં મળ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ ઝેલેન્સકીના ખભા પર હાથ રાખ્યો અને તેમની સાથે ગંભીર ચર્ચા કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનના કિવમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

પીએમ મોદીએ જૂનમાં ઈટાલીના અપુલિયામાં જી-૭ સમિટ દરમિયાન ઝેલેન્સકી સાથે વાત કરી હતી. વાતચીત દરમિયાન, મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિને કહ્યું હતું કે ભારત યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપવા માટે શક્ય તેટલું બધું કરશે. તેમણે કહ્યું હતું કે વાતચીત અને કૂટનીતિથી જ શાંતિ લાવી શકાય છે. બેઠકમાં યુક્રેનના રાષ્ટ્રપતિએ વડાપ્રધાનને કિવની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે યુક્રેન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો ઊંડી ચિંતાનો વિષય છે અને શાંતિ પુનઃસ્થાપિત કરવાનો એકમાત્ર રસ્તો સંવાદ અને કૂટનીતિ છે. ભારત દ્રઢપણે માને છે કે યુદ્ધના મેદાનમાં કોઈપણ સમસ્યાનું સમાધાન થઈ શકતું નથી. કોઈપણ કટોકટીમાં નિર્દોષ લોકોનો જીવ ગુમાવવો એ સમગ્ર માનવતા માટે એક મોટો પડકાર છે.

પીએમ મોદી ટ્રેનમાં મુસાફરી કરીને યુક્રેન પહોંચ્યા હતા. અહીં તેઓ ભારતીય સમુદાયના લોકોને પણ મળ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કર્યું, 'આજે સવારે કિવ પહોંચ્યા. ભારતીય સમુદાયે મારું ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કર્યું.૧૯૯૧માં સોવિયત યુનિયનથી અલગ થયા બાદ ભારતીય વડાપ્રધાન દ્વારા યુક્રેનની આ પ્રથમ મુલાકાત છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કિવમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી. આ બેઠક યુદ્ધગ્રસ્ત દેશની ઐતિહાસિક મુલાકાતનો ભાગ હતો. વડા પ્રધાને ઝેલેન્સકીને ગળે લગાડ્યા અને તેમના ખભા પર હાથ મૂક્યો. જ્યારે બંનેએ શહીદશાસ્ત્રી પ્રદર્શનમાં હત્યા કરાયેલા બાળકોને શ્રદ્ધાંજલિ આપી ત્યારે ઝેલેન્સકી ભાવુક થઈ ગયા. આ પછી બંને નેતાઓ વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત શરૂ થઈ હતી ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ ભારત તરફથી આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે. આના એક મહિના પહેલા મોદીએ રશિયાની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી. ત્યારે ઝેલેન્સકીએ પુતિન સાથેની મોદીની મુલાકાતની ટીકા કરી હતી.યુરોપિયન યુનિયનના મહાસચિવ એન્ટોની ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન દુજારિકે અપેક્ષા વ્યક્ત કરી છે કે, વડાપ્રધાન મોદીનની યુક્રેન મુલાકાત શાંતિ લાવવામાં મદદગાર સાબિત થશે. દુજારિકે કહ્યું કે, છેલ્લા થોડા સમયમાં અનેક મોટા દેશોના નેતાઓ કીવની મુલાકાત લીધી હતી. અમને અપેક્ષા છે કે, મોદીની આ મુલાકાતની અસર જોવા મળશે. જે રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપિત કરવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.

વિદેશ મંત્રી એલ જયશંકરે કહ્યું હતું કે મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ સાથે યુક્રેન રશિયા યુધ્ધને લઈને પણ વાત કરી વડાપ્રધાને કહ્યું ભારતનો વિચાર છે કે સમાધાન શોધવા માટે બંન્ને પક્ષોએ એક બીજાની સાથે જોડાવાની જરૂર છે તેમણે જેલેંકસીથી જમીની સ્થિતિ અને કુટનીતિક પરિદ્શ્યની બાબતમાં વિવરણ માંગ્યું હતું જેલેસ્કીએ તેની માહિતી આપી હતી વડાપ્રધાન મોદીએ તાજેતરમાં જ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સાથે પોતાની ચર્ચાની બાબતમાં પણ જેલેસ્કીને જણાવ્યું હતું વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે મોદી જેલેસ્કીની મંત્રણા કેટલીક હદે સૈન્ય સ્થિતિ અને શાંતિના સંભવિત માર્ગ પર કેન્દ્રીત રહી હતી.વડાપ્રધાન મોદીએ શાંતિની તાકિદે વાપસી માટે હર સંભવ રીતે યોગદાન કરવાની ભારતની ઈચ્છા વ્યકત કરી હતી વાર્તા ખુબ વિસ્તૃત ખુલ્લી અને અનેક રીતે રચનાત્મક રહી એ વાત પર પણ ચર્ચા થઈ કે આ ચર્ચાઓનો આગળ વધારવાના પ્રભાવી પ્રયાસો શું હોઈ શકે છે તેમણે કહ્યું કે યુક્રેન વૈશ્વિક શાંતિ શિખર સંમેલનમાં ભારતની નિરંતર ભાગીદારી ઈચ્છે છે.વિદેશ મંત્રીએ કહ્યુ કે વાર્તા દરમિયાન ભારતે યુક્રેનને ચિકિત્સા સહાયતા માટે ભીષ્મ કયુબ સોંપી બંન્ને નેતાઓએ યુધ્ધને લઈને પણ ચર્ચા કરી વડાપ્રધાને નવોન્વેષી સમાધાન વિકસીત કરવા માટે તમામ હિતધારકો વચ્ચે વ્યવહારિક જોડાણનુ આહ્વાન કર્યું જે શાંતિમા યોગદાન આપે

વિદેશ મંત્રીએ કહ્યું કે નરેન્દ્ર મોદી અને જેલેસ્કી વચ્ચે થયેલી ચર્ચા આપણા દ્વિપક્ષીય સાંબંધો માટે સમર્પિત હતી તેમાં વ્યાપાર,આર્થિક મુદ્દા રક્ષા ફાર્માસ્યુટિકલ્સ કૃષિ શિક્ષણની બાબતે ચર્ચા થઈ બંન્ને નેતાઓએ અંતર સરકારી આયોગને પણ કામ સોંપ્યું છે. જેમાં મંત્રી કુલેબા અને હું સહ અધ્યક્ષ છીએ.

## રાત દિવસ એક કરી માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા

ગાંધીનગર,

વિધાનસભા ગૃહમાં બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા સંદર્ભે પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે બેંક એકાઉન્ટને બદલે માત્ર સાયબર ફ્રોડમાં ટ્રાન્સફર થયેલી રકમ ફ્રીઝ કરવા અંગે નીતિ બનાવનાર ગુજરાત સમગ્ર દેશ માટે મોડેલ સ્ટેટ બન્યુ છે. ગૃહ વિભાગની સુચનાથી સાયબર ક્રાઈમનો ભોગ બનેલા મધ્યમવર્ગીય લોકોની મુશ્કેલીઓ દૂર કરવા ગુજરાત પોલીસના સાયબર સેલે રાત દિવસ એક કરી માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા છે. એટલે કે, સમગ્ર દેશમાં આ પ્રકારે આટલી મોટી સંખ્યામાં બેંક ખાતાઓ અનફ્રિઝ કરવામાં ગુજરાત પ્રથમ નંબર પર છે. એટલુ જ નહિ, વર્ષ-૨૦૨૪માં રૂ.૮૫.૨૪ કરોડની છેતરપીંડી થઈ હતી, જેમાંથી રૂ.૬૬.૧૫ કરોડની રકમ રીફંડ કરાવવામાં પોલીસને સફળતા મળી છે. હજુ પણ બાકીની રકમ રીકવર માટે પ્રયત્નો કરી રીકવરી રેટ ૧૦૦ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે.

નવી નીતિ મુજબ હવે આખા એકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રીઝ કરાશે. આ ખાતાઓ અનફ્રીઝ કરવા માટે સૂચના અપાઈ પરંતુ એનસીસીઆરપી પોર્ટલ પર લેયર વાઈસ રિપોર્ટમાં બેંક ખાતા સામે બેંકના નામ તેમજ તે બેંક ખાતામાં આવેલી ડિસ્પ્યુટેડ રકમ સાથેનો રીપોર્ટ જનરેટ થતો ન હતો. જેથી ઉક્ત બેંક ખાતા અનફ્રિઝ કરવામાં વિલંબ થતો હતો, બાદમાં મિનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, નવી દિલ્હી સાથે આ બાબતે જરૂરી સંકલન સાધી તે બાબતે સતત ફોલોઅપ મેળવી આ માહિતી સાથેનો રીપોર્ટ મેળવવા એનસીસીઆરપી પોર્ટલ પર સુધારો કરાવવામાં સફળતા મળી છે અને હાલમાં આ જરુરી સુધારા સાથેનો રીપોર્ટ જનરેટ કરી શકાય છે.

મંત્રીએ વધુમાં જણાવ્યુ કે, સાયબર ક્રાઈમ એક મોટી ચેલેન્જ છે. દુનિયાભરના તમામ વિકસિત દેશો પણ તેનો સામનો કરી રહ્યા છે. સાયબર ફ્રોડ કરતા ભેજાબાજોની એક મોડસ ઓપરેન્ડી હોય છે, જે મુજબ ફ્રોડમાં મળેલી રકમ અલગ અલગ લોકોના બેંક ખાતામાં તાત્કાલિક ટ્રાન્સફર કરી દેવામાં આવે છે. જે પ્રક્રિયા દરમિયાન કેટલાય નિર્દોષ નાગરિકોના ખાતામાં પૈસા જમા કરી દેવાય છે. નિયમ મુજબ આ ખાતુ ફ્રિઝ કરી દેવામાં આવે, જેનાથી નિર્દોષ વ્યક્તિની બચત પણ ફ્રિઝ થઈ જતી હતી.

જેને કારણે નીતિ બદલવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો અને આ નિર્ણયથી જે લોકો સાયબર ફ્રોડ કરતા ભેજાબાજોની યુકિતમાં ફસાઈને ડિજીટલ પેમેન્ટ સ્વીકારી છેતરપિંડીનો ભોગ બન્યા હતા અથવા તો અજાણતા આ પ્રકારની ટ્રેપમાં ફસાઈ ગયા હતા તેવા લોકોને રાહત મળી છે. નવી પોલિસી મુજબ બેંક ખાતાની કુલ રકમને બદલે હવે છેતરપિંડી થઈ હોય તેટલા જ નાણાં ફ્રીઝ કરવામાં આવશે. એટલે કે હવે આખા અકાઉન્ટને બદલે માત્ર છેતરપિંડી સાથે સંકળાયેલી ચોક્કસ રકમને જ ફ્રીઝ કરાશે. આ નિર્ણાયક પગલું નાગરિકોના નાણાકીય સુરક્ષાની ખાતરી અને અસરગ્રસ્ત લોકોને ન્યાય અપાવવાની દ્રઢ વચનબદ્ધતા દર્શાવે છે.

## પાણી પ્રદુષણ નિયંત્રણ સુધારા વિધેયક પસાર રૂા.૧૦,૦૦૦થી ૧૫ લાખ દંડની જોગવાઈ

ગાંધીનગર

રાજય વિધાનસભા ગૃહમાં પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ એવો પ્રસ્તાવ રજૂ ર્યો હતો કે, સંસદે પસાર કરેલા પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ-૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક : ૫)ના સ્વીકારવા માટે ગુજરાત વિધાનસભામાં ગઈકાલે સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. જેમાં કરાયેલા આ સુધારાનો હેતુ પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૭૪ (સન ૧૯૭૪ ના છઠ્ઠા)ની જોગવાઈઓને બિન-ગુનાહીત કરવાનો છે.મંત્રીએ કહ્યું હતું કે, હવે-જો, પાણી અધિનિયમની કોઈ જોગવાઈઓનું ઉલ્લંઘન થશે તો, આ નવા સુધારેલા કાયદાની નવી જોગવાઈઓ મુજબ . ૧૦ હજારથી . ૧૫ લાખ સુધીના દંડની રકમ નિર્ધારિત કરવામા આવ્યો છે. જો કોઈ, વ્યકિત, ઉલ્લંઘન અથવા પાલન ન કરે, યાં સુધી આ પ્રકારનું ઉલ્લંઘન ચાલુ રહે ત્યાં સુધી દરરોજ . ૧૦ હજારનો વધારાનો દંડ પણ નિર્ધારિત કરાયો છે.

રાય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં અધ્યક્ષની નામનિયુકિતની પ્રક્રિયા સરળ બને. ગુજરાત વિધાનસભા ગૃહને આ સત્તા ભારતના સંવિધાનના અનુચ્છેદ૨૫૨થી મળેલી છે. તેના આધારે આ પ્રસ્તાવ પસાર કરાયો છે.હવે યારે ગુજરાત વિધાનસભામાં આ પ્રસ્તાવ સ્વીકારાયો છે ત્યારે તેની અસરો મુજબ, હવેથી કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત થનારી માર્ગદર્શિકા અનુસાર ગુજરાત સરકાર દ્વારા રાય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષની નિયુકિત કરાશે. તેમની સેવાના નિયમો અને શરતો પણ કેન્દ્ર સરકાર દ્વારા

માર્ગદર્શિકામાં જ નિર્ધારિત કરાશે. કેન્દ્ર સરકાર જ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સાથે પરામર્શ કરીને, સત્તાવાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા, ઔધોગિક પ્લાન્ટસની અમુક શ્રેણીઓને કન્સેન્ટ મેળવવાની જોગવાઈઓમાંથી મુકિત આપી શકે છે તથા કેન્દ્ર સરકાર સેન્ટ્રલ બોર્ડ સાથે પરામર્શ કરીને, કન્સેન્ટ અરજીના સમયબદ્ધ નિકાલ અથવા માન્યતાના સમયગાળા સહિત કોઈપણ ઉધોગની સ્થાપના માટે કોઈપણ રાય બોર્ડ દ્વારા સંમતિ આપવા, ઈનકાર અથવા રદ કરવા સંબંધિત બાબતો પર માર્ગદર્શિકા જારી કરી શકે છે

## પાકિસ્તાનમાં પોલીસના વાહનો પર રોકેટથી થયેલા હુમલામાં ૧૧ પોલીસકર્મીઓના મોત

ઈસ્લામાબાદ

પંજાબ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું કે, ડાકુઓએ પોલીસના વાહનો પર રોકેટ વડે હુમલો કર્યો. હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા હતા, જ્યારે તેમાંથી કેટલાકને બંધક બનાવવામાં આવ્યા હતા અને બાકીના ઘાયલ થયા હતા. મૃત્યુઆંક વધી શકે છે.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ગુરુવારે પોલીસકર્મીઓ પર રોકેટથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૧ સૈનિકો માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા.બીજી તરફ લાહોરથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર રહીમ યાર ખાન જિલ્લામાં કેટલાક પોલીસકર્મીઓને પણ બંધક બનાવવામાં આવ્યા હતા, જ્યારે માચા પોઈન્ટ પર બે પોલીસ વાન કાદવમાં ફસાઈ ગઈ હતી.

પંજાબ પોલીસના પ્રવક્તાએ આ મામલે નિવેદન આપ્યુ છે તેમણે જણાવ્યું કે ડાકુઓ ત્યાં પહોંચી ગયા અને તેમના પર રોકેટથી હુમલો કર્યો હતો. હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા હતા, જ્યારે તેમાંથી કેટલાકને બંધક બનાવવામાં આવ્યા હતા અને બાકીના ઈજાગ્રસ્ત થયા હતા. પંજાબ પોલીસના પ્રવક્તાએ કહ્યું કે મૃતકોની સંખ્યા વધી શકે છે કારણ કે કેટલાક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર છે.

પોલીસે જણાવ્યું કે ગુરુવારે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં રોકેટ હુમલામાં ઓછામાં ઓછા ૧૧ પોલીસકર્મીઓ માર્યા ગયા હતા અને લાહોરથી લગભગ ૪૦૦ કિલોમીટર દૂર રહીમ યાર ખાન જિલ્લામાં પણ ઘણા પોલીસકર્મીઓને બંધક બનાવવામાં આવ્યા હતા. માચા પોઈન્ટ પર કાદવવાળા રસ્તામાં બે પોલીસ મોબાઈલ વાન ફસાઈ જતાં આ ઘટના બની હતી.

પંજાબ પોલીસના પ્રવક્તાએ કહ્યું કે ઘટના બાદ મોટી સંખ્યામાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને રહીમ યાર ખાનની શેખ જાયદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ ઘટનાની કડક નોંધ લેતા, પંજાબના મુખ્ય પ્રધાન મરિયમ નવાઝે આઈજી પોલીસ ડૉ. ઉસ્માન અનવરને ઘટનાસ્થળે પહોંચવા અને ડાકુઓ દ્વારા બંધક બનાવેલા પોલીસકર્મીઓને પરત મેળવવા માટે ઓપરેશન શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે આવા જિલ્લાઓના ઉબડખાબડ વિસ્તારો (પરા)માં ગુનેગારોનું શાસન સહન કરવામાં આવશે નહીં.

## વકફ સુધારા બિલ પર મોદીના સાથી પક્ષો પીછેહઠ કરી રહ્યા છે.ચિરાગ, ચંદ્રબાબુ બાદ નીતિશની પાર્ટીએ પણ વાંધો વ્યક્ત કર્યો

નવીદિલ્હી

વકફ સુધારા બિલને લઈને ભાજપને અન્ય સહયોગી તરફથી ઝટકો લાગતો જણાય છે. ત્રીજી વખત કેન્દ્રમાં સરકાર રચવામાં નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ સહયોગી જનતા દળ યુનાઈટેડ (જદયુ)એ વકફ સુધારા બિલ અંગે ચિંતા વ્યક્ત કરી છે. નોંધનીય બાબત એ છે કે જેડીયુ એનડીએ કેમ્પમાં ત્રીજી પાર્ટી છે જેણે આ બિલને લઈને પોતાનો અલગ મત વ્યક્ત કર્યો છે. આ પહેલા ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) આ બિલ પર સવાલ ઉઠાવી ચૂકી છે. આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) પણ તેનાથી નારાજ છે. એવું માનવામાં આવે છે કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જેડીયુ ૨૦૨૫માં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યની ૧૮ ટકા મુસ્લિમ વસ્તીને નારાજ કરવા માંગતી નથી. તેથી તે પ્રસ્તાવિત કાયદામાં ફેરફાર ઈચ્છે છે.

વકફ સુધારા બિલને લઈને જદયુનું રેડ સિગ્નલ મહત્ત્વનું છે કારણ કે લોકસભાની કાર્યવાહી દરમિયાન કેન્દ્રીય મંત્રી અને જદય સંસદીય દળના નેતા રાજીવ રંજન ઉર્ફે લાલન સિંહે આ બિલનું ખુલ્લેઆમ સમર્થન કર્યું હતું. જેડીયુ સાંસદ રાજીવ રંજન ઉર્ફે લાલન સિંહે આ મહિનાની શરૂઆતમાં લોકસભામાં ચર્ચા દરમિયાન કાયદાની તરફેણમાં વાત કરી હતી. લાલન સિંહે સુધારાઓને પારદર્શિતા માટે ખૂબ જરૂરી માપદંડ ગણાવ્યા. જો કે, રાજ્યના લઘુમતી કલ્યાણ પ્રધાન મોહમ્મદ ઝમા ખાને કેટલીક જોગવાઈઓ સામે વાંધો ઉઠાવવા માટે મુખ્ય પ્રધાન સાથે મુલાકાત કરી ત્યારથી જદયુ જૂથોમાં અસંતોષ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જામા ખાન જ અસહમત વ્યક્તિ નથી. બિહારમાં જળ સંસાધન મંત્રી વિજય કુમાર ચૌધરીએ મુસ્લિમ સમુદાયની આશંકાઓ વિશે વાત કરી છે. વિજય ચૌધરીને મુખ્ય પ્રધાનના નજીકના સાથી તરીકે જોવામાં આવે છે. અહેવાલ મુજબ જેડીયુના અન્ય નેતાઓ જેમ કે ધારાસભ્ય ગુલામ ગૌસે પણ શંકા વ્યક્ત કરી છે.

નવા કાયદાની કલમો સામે વધી રહેલા વાંધાના પરિણામે જેડીયુના કાર્યકારી પ્રમુખો સંજય ઝા અને જામા ખાન કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુને મળ્યા હતા. કેન્દ્રએ સૂચિત ફેરફારોનો બચાવ કર્યો છે - જેમાં મુસ્લિમ મહિલાઓ અને બિન-મુસ્લિમોનું ફરજિયાત પ્રતિનિધિત્વ અને પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી પ્રેક્ટિસ કરતા મુસ્લિમો માટે દાતાઓને મર્યાદિત કરવાનો સમાવેશ થાય છે. કેન્દ્રીય અને રાજ્ય વકફ બોર્ડની કામગીરીમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવાના પ્રયાસ તરીકે ગણવામાં આવે છે.

સૂત્રોનું કહેવું છે કે કેટલાક મુસ્લિમ ધર્મગુરુઓ દ્વારા એક ખતરનાક વાર્તા ઘડવામાં આવી રહી છે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે જૂના કાયદા હેઠળ પીડિત મુસ્લિમ મહિલાઓને સશક્તિકરણ કરવાનો વિચાર છે. જો કે, કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષોએ દરખાસ્તોની તીવ્ર ટીકા કરી છે, તેમને કઠોર પગલાં, ફેડરલ સિસ્ટમ પર હુમલો અને મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

વિપક્ષના બોલ્યા પછી, કિરેન રિજિજુએ વળતો પ્રહાર કર્યો અને કોંગ્રેસ પર મુદ્દાઓને ઉકેલવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો. તેઓએ કહ્યું, 'તમે ન કરી શક્યા, અમારે કરવું પડ્યું.' કેટલાક લોકોએ વક્ફ બોર્ડ પર કબજો જમાવ્યો છે અને સામાન્ય મુસ્લિમોને ન્યાય આપવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે. આખરે, વકફ સુધારા વિધેયક પરના ઉગ્ર વિવાદને કારણે, તેને વધુ તપાસ માટે સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યો. ભાજપના સાંસદ જગદંબિકા પાલની આગેવાનીમાં ૩૧ સભ્યોની સમિતિએ ગુરુવારે તેનું પ્રથમ સત્ર યોજ્યું હતું. આગામી બેઠક ૩૦ ઓગસ્ટના રોજ યોજાનાર છે.વક્ફ બોર્ડ સંશોધન બિલ અંગે સમગ્ર દેશમાં રાજકારણ ગરમાયેલું છે. હવે આવામાં બધાની નજર બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને આંધ્ર પ્રદેશના સીએમ એન ચંદ્રબાબુ નાયડુ પર ટકેલી છે. આ પાર્ટીઓ કેન્દ્રમાં મોદી સરકારની સાથે છે. પરંતુ શું વકફ બોર્ડ બિલ પર આ બંને એનડીએનું સમર્થન કરશે કે નહીં તેના પર હવે એક નિવેદન બાદ સવાલ ઊભો થયો છે. વાત જાણે એમ છે કે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના અધ્યક્ષ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાનીએ ગુરુવારે એક દાવો કર્યો કે મુસ્લિમ સંગઠનોના પ્રતિનિધિઓએ નીતિશકુમાર અને ચંદ્રબાબુ નાયડુ સાથે મુલાકાત કરી છે જેમાં બંને નેતાઓએ ખાતરી અપાવી છે કે તેઓ વકફ સંશોધન બિલનો વિરોધ કરશે. રહમાનીએ એમ પણ કહ્યું કે કેન્દ્રએ આ બિલ પાછું ખેંચી લેવું જોઈએ અને જો આ બિલ સંસદમાં પાસ કરાવવા માટે રજૂ કરાયું તો તેના વિરુદ્ધ દેશવ્યાપી આંદોલન કરાશે અને કાયદાના દાયરામાં રહીને દરેક લડાઈ લડાશે. પ્રેસ કોન્ફરન્સમાં રહમાની ઉપરાંત જમીયત ઉલેમા એ હિન્દના પ્રમુખ મૌલાના અરશદ મદની, જમાત એ ઈસ્લામી હિંદના અમીર સઆદતુલ્લાહ હુસૈની, મરકઝી જમીયત અહેલ હદીસના પ્રમુખ મૌલાના અસગર અલી ઈમામ મેહદી સલફી, પર્સનલ લો બોર્ડના મહાસચિવ મૌલાના ફઝલુર રહીમ મુજદ્દીદી અને પર્સનલ લો બોર્ડના પ્રવક્તા સૈયદ કાસિમ રસૂલ ઈલિયાસ હાજર હતા. રહેમાનીએ કહયું કે અમારી મુલાકાત અલગ અલગ વિપક્ષી દળોના નેતાઓ સાથે થઈ છે. ચંદ્રબાબુ નાયડુ સાથે પણ મુલાકાત થઈ છે અને તેમણે ખાતરી અપાવી છે કે તેઓ આ બિલનો વિરોધ કરશે. બુધવારે નીતિશકુમાર સાથે પણ મુલાકાત થઈ અને તેમણે પણ ખાતરી અપાવી છે કે તેઓ તેનો વિરોધ કરશે. તેજસ્વી યાદવ સાથે પણ મુલાકાત થઈ અને તેમણે પણ ભરોસો અપાવ્યો છે કે તેઓ આ બિલનો વિરોધ કરશે.

## ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સૌથી લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે ટોચ પર

નવીદિલ્હી

દેશના લોકોની પસંદ જાણવા માટે મૂડ ઓફ ધ નેશન સર્વે હાથ ધરાયો હતો. જેમાં સત્તા અને સરકારથી લઈને દેશના મુખ્ય મુદ્દાઓ પર જનતાનો અભિપ્રાય પૂછવામાં આવ્યો હતો. જ્યારે લોકોને પૂછવામાં આવ્યું કે તેમના લોકપ્રિય વડાપ્રધાન કોણ છે ત્યારે પીએમ મોદીનું નામ નંબર વન પર આવ્યું. જ્યારે લોકપ્રિય મુખ્યમંત્રી વિષે સર્વે કરવામાં આવ્યો ત્યારે લોકોએ યોગી આદિત્યનાથની પસંદગી કરી હતી.

મૂડ ઓફ ધ નેશન સર્વે મુજબ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સૌથી લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે ટોચ પર છે. સર્વેના આંકડા મુજબ ઓગસ્ટ ૨૦૨૪માં ૩૩.૨% લોકોએ, આ વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૪માં ૪૬.૩% લોકો, તેમજ ઓગસ્ટ ૨૦૨૩માં થયેલા સર્વેમાં ૪૩% લોકોએ યોગીને સૌથી લોકપ્રિય મુખ્યમંત્રી ગણાવ્યા હતા.

આ યાદીમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બીજા સ્થાન પર છે. પરંતુ તેમની લોકપ્રિયતા પહેલા કરતા ઓછી થઈ છે. ઓગસ્ટ ૨૦૨૪માં, ૧૩.૮% લોકો તેમને શ્રેષ્ઠ મુખ્યમંત્રી માને છે, જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૪માં, ૧૯.૬% અને ઓગસ્ટ ૨૦૨૩માં, ૧૯.૧% લોકોએ તેમની પસંદગી કરી હતી.

આ યાદીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ત્રીજા સ્થાને છે. કોલકાતાની ઘટના બાદ પણ તેની લોકપ્રિયતાનો ગ્રાફ પહેલાની સરખામણીમાં વધ્યો છે. ઓગસ્ટ ૨૦૨૪માં, ૯.૧% લોકોએ તેમની પસંદગી કરી હતી, જે અગાઉના સર્વે (ફેબ્રુઆરી ૨૦૨૪ - ૮.૪%) કરતા થોડી વધુ છે.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનને ૪.૭% લોકોનું સમર્થન મળ્યું છે, જે ફેબ્રુઆરી ૨૦૨૪માં ૫.૫% અને ઓગસ્ટ ૨૦૨૩માં ૫.૬% કરતા ઓછું છે. તેવી જ રીતે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુને ૪.૬% લોકોનું સમર્થન મળ્યું છે. તેમને પહેલીવાર આ સર્વેમાં સામેલ



કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની લોકપ્રિયતા વધી છે. ઓગસ્ટ ૨૦૨૪માં ૩.૧% લોકોએ તો ફેબ્રુઆરી ૨૦૨૪માં ૧.૯% અને ઓગસ્ટ ૨૦૨૩માં ૧% લોકોએ તેમને પસંદ કર્યા હતા.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને પણ થોડો ટેકો મળ્યો હતો, પરંતુ તેઓ ટોચના સ્થાને પહોંચી શક્યા નથી. જો ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વાત કરવામાં આવે તો તેમને ૪૬% લોકોનું સમર્થન મળ્યું છે. જો કે, તેમની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે, કારણ કે ફેબ્રુઆરી ૨૦૨૪માં આ આંકડો ૪૨.૬% અને ઓગસ્ટ ૨૦૨૩માં ૫૫.૩% હતો.

આ સર્વે ભારતીય રાજનીતિમાં જનતાના બદલાતા મૂડનું એક મહત્વપૂર્ણ સૂચક છે, કયા મુખ્યમંત્રીનું કામ તેમના રાજયના લોકોને સૌથી વધુ પસંદ આવી રહ્યું છે તે દર્શાવે છે. આ સર્વે ૧૫ જુલાઈથી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ વચ્ચે કરવામાં આવ્યો હતો. જેમાં ૧,૩૬,૪૩૬ લોકોના મંતવ્યો લેવામાં આવ્યા હતા. આ સર્વે દેશભરમાં ૫૪૩ લોકસભા મતવિસ્તારોમાં કરવામાં આવ્યો હતો, જેના દ્વારા જનતાની વિચારસરણી અને અભિપ્રાયને સમજવાની કોશિશ કરવામાં આવી હતી.

# મહીસાગર જીલ્લામાં ડીજીટલ ક્રોપ સર્વે હાથ ધરાયો : છ તાલુકાઓમાં ૧૯૧૨૫૭ સર્વે નંબરોમાં ફિલ્ડ પર જઈને સર્વેયરો ૪૫ દિવસ સુધી સર્વે કરશે

લુણાવાડા, ભારત સરકાર દ્વારા ગુજરાતમાં ગત વર્ષે છ જીલ્લાઓમાં ડિજીટલ ક્રોપ સર્વે પાયલોટ પ્રોજેકટ કરાયા બાદ આ વર્ષે રાજયના તમામ જીલ્લામાં તેનું અમલીકરણ શરૂ કરાયું છે. જેમાં મહીસાગર જીલ્લામાં હાલ ડિજીટલ ક્રોપ સર્વેની કામગીરી ચાલી રહી છે. ત્યારે જીલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલે લુણાવાડા તાલુકાના ઉચરપી ગામે માસ્ટર ટ્રેનર સાથે આ કામગીરીની મુલાકાત લઈ સર્વેયરોને પ્રત્યક્ષ તાલીમ આપી હતી. તેમજ આ સર્વેના ભવિષ્યના ફાયદા અંગે ખેડૂતોને માહિતી આપી સબંધિત અધિકારીઓ કર્મચારીઓ સાથે ચર્ચા વિચારણા કરી કામગીરીની સમીક્ષા કરી હતી.



મહીસાગર જીલ્લા ખેતીવાડી અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ખેતી ક્ષેત્રે પરફેકટ અને રીયલ ટાઈમ ડેટા મળી શકે અને તેના આધારે ખેતીના પાકોનો સાચો અંદાજ મળી શકે અને નીતિ ઘડતરમાં પણ તે ઉપયોગી બની શકે તે ઉદ્દેશથી નેશનલ લેવલેથી પ્રથમવાર ડિજીટલ ક્રોપ સર્વે શરૂ કરાયો છે. જેમાં ચાલુ વર્ષે મહીસાગર સહિત રાજયના તમામ જીલ્લાઓમાં ડિજીટલ કોપ સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

મહીસાગર જીલ્લામાં તા.૧૦/૦૮/૨૦૨૪ થી ડિજીટલ કોપ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં મહીસાગર જીલ્લાના તમામ છ તાલુકાઓમાં ૧૯૧૨૫૭ સર્વે નંબરોમાં ફિલ્ડ પર જઈને સર્વેયરો ૪૫ દિવસ સુધી સર્વે કરશે તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, મહીસાગર જીલ્લાના તમામ સર્વે નંબરોમાં ફિલ્ડ પર જઈને સર્વેયરો દ્વારા ડિજીટલ ક્રોપ સર્વે કરાનાર છે.આ અંગે જીલ્લા અને તાલુકા કક્ષાએ કમિટીઓની રચના કરવામાં આવી છે. જેમાં જીલ્લા કક્ષાએ કલેકટર અને તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં કમિટીઓ કાર્યરત કરાઈ છે. આ ઉપરાંત પંચાયતના વીસીઈ, ફાર્મર ફ્રેન્ડ તેમજ ગામના મોબાઈલના જાણકાર વ્યક્તિઓને સર્વેયર તરીકે કામગીરી સોંપવામાં આવી રહી છે. પ્રત્યેક સર્વે નંબરમાં જો એક પાક હોય તો દસ રૂપિયા પ્રમાણે અને બે પાક હોય તો બાર રૂપિયા પ્રમાણે મહેનતાણારૂપે ચુકવણું કરવામાં આવે છે. તથા ગામ ના તલાટી કમ મંત્રી મારફતે સર્વેયર દ્વારા કરેલ કામગીરી એપ્રુવ કરવામાં આવશે અને ગ્રામ સેવક દ્વારા એપ્રૂવ ડેટા વેરીફાઈ કરવામાં આવશે. આમ, મહીસાગર જીલ્લામાં અંદાજે ૧૯ લાખ રૂપિયા ડિજીટલ ક્રોપ સર્વે અંતર્ગત મહેનતાણારૂપે ચૂકવાશે.

જીલ્લા ખેતીવાડી અધિકારીએ વધુમાં જણાવ્યું કે, ડિજીટલ ક્રોપ સર્વે અંતર્ગત દરેક તાલુકામાં તમામ સર્વે નંબરમાં સર્વે કરાનાર હોય તેના માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું તેમજ વર્ગ એક અને વર્ગ બે તથા તલાટી અને ગ્રામ સેવકોને તાલીમ અપાઈ છે અને તેમને ટ્રેનરના હોદ્દા આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ૮૦૦ થી વધુ જેટલા સર્વેયરોને પણ કેવી રીતે સર્વે કરવો તેની પ્રેકટીકલ ફિલ્ડ પર તાલીમ આપી દેવાઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

# પાંડરવાડામાં ચેકડેમને ઉંડા કરવાની મજુરી કર્યા વિના બેંક ખાતામાં ૨૨ હજાર જમા થયા

ખાનપુર, વડોદરા અને મહેસાણામાં મનરેગામાં કૌભાંડ બહાર આવ્યા બાદ મહીસાગર જીલ્લામાં મનરેગા યોજનામાં મજૂરીએ ગયા વગર પોતાના બેન્ક ખાતામાં મજૂરીના નાણાં મેળવ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ વર્ષે ખાનપુર તાલુકાનાં પાંડરવાડા ગામે જૂના સ્મશાન પાસે ચેકડેમ ઊંડા કરવાની મનરેગા અંતર્ગત કામગીરી કરવામાં આવી છે.

જેમાં મહીસાગર જીલ્લાના પાંડરવાડા ગામના



કરિયાણાના વેપારી અને પૂર્વ સરપંચ, પૂર્વ તાલુકા પંચાયત સભ્ય અનિલભાઈ મોદીના ખાતામાં રૂા.૨૨,૦૦૦ જેટલી મજૂરીના નાણાં જમા થતાં મનરેગા જોબકાર્ડમાં વ્યાપક કૌભાંડ હોવાની આશંકાએ તપાસની માંગ ઉઠી છે. ચેક ડેમ ઊંડા કરવાની કામગીરી કામના સ્થળ પર જઈ રિયાલિટી ચેક કરતાં ચેકડેમ જ જોવા ના મળ્યો ઊંડા કરવાની કામગીરી તો બાજુ પર રહી.

સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું કે જેસીબી મશીનથી કામગીરી રાત્રે થોડીક કરવામાં આવી છે અને તે કામ પણ યોગ્ય રીતે કરવામાં આવ્યું નથી. તો અનિલ મોદી અને એમનો પરિવાર ક્યારે મજૂરીએ ગયો ? કોણે મસ્ટરમાં એન્ટ્રી કરી ? કોણે કામગીરીના ફોટા અપલોડ કર્યા ? અગર જેસીબીથી કરવામાં આવી હતી તો કેટલાક અન્ય કેટલા જોબકાર્ડ ધારકોની ખોટી એન્ટ્રી કરી ? જેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

# નદી-તળાવ રાખીએ સાફ, તો વિઘ્નહર્તા કરે માફ

નડિયાદ, રાજય અને દેશમાં આગામી ૭ સપ્ટેમ્બર થી ૧૭ સપ્ટેમ્બર સુધી ગણેશ મહોત્સવ યોજાનાર છે. ત્યારેગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, નડિયાદ દ્વારા ગણેશ ઉત્સવ નિમિત્તે પર્યાવરણને પ્રદૂષણ મુક્ત રાખવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

પ્રદૂષણમુકત મૂર્તિ વિસર્જન માટે આવશ્યક બાબતો માટે સૂચનો આપવામાં આવ્યા છે.પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ બનાવવાનું કે ખરીદવાનું ટાળવા, કેમીકલયુકત રંગોવાળી મૂર્તિ બનાવવાનું કે ખરીદવાનું ટાળવા, જળાશયમાં મૂર્તિ વિસર્જન ન કરવા, કુદરતી માટી અને રંગોથી બનેલી મૂર્તિઓ જ વાપરવા, ટાંકી, ડોલ કે નિર્ધારીત જગ્યામાં જ મૂર્તિઓનું વિસર્જન કરવા, ઓગળેલી માટીને કુંડાઓમાં વાપરી તેમાં ફુલ છોડ રોપવા, ફુલ-માળા, કપડાં, પ્લાસ્ટિક અને થર્મોકોલ જેવી સાજસજાવટ સાથે મૂર્તિઓનું વિસર્જન ન કરવા અનેજળાશયોમાં પ્રદૂષણ ન થાય તે અંગે સઘળા પ્રયત્નો કરવા તથા ઈકો - ફ્રેન્ડલી માટીની મૂર્તિના સ્થાપન દ્વારા ગણેશોત્સવ સાથે પ્રકૃતિનું પણ જતન કરવા અપીલ કરવામાં આવી છે.

# સંતરામપુર પંથકમાં લાંબા વિરામ બાદ વરસાદનું આગમન ખેડૂતોને મળ્યું જીવનદાન



સંતરામપુર, સંતરામપુરમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચોમાસુ પાક નિષ્ફળ જાય તો ખેડૂતો ચિંતાતુર બન્યા હતા. સંતરામપુર તાલુકો મોટાભાગનો ખેડૂતો ખેતી પર જ નિર્ભર રહેતા હોય છે અને સૌથી વધારે ચોમાસુ પાક તેમના માટે આશીર્વાદરૂપ સમાન થતું હોય છે. કારણ કે આખા વરસનો અનાજના પાકમાં ડાંગર અને મકાઈ સૌથી વધારે મહત્વનો પાક ગણાતો હોય છે. ખેડૂતે મોટાભાગની ખેતી માટે તૈયારી કરીને બિયારણ નું વાવેતર કરી મુકેલ હતું. છેલ્લા બે દિવસથી વરસાદે સારો વરસાદ પડવાના કારણે ખેતીના પાકને નુકસાન થતું અટકી ગયું છે. ખરેખર આ સમયે જ ડાંગર અને મકાઈને સખત પાણીની જરૂર હતી. હવે ખેડૂતો માટે વરસાદ પડતા જ સારો પાક મેળવવાની આશા જોવાયેલી છે. બપોરના જ આજ રોજ વરસાદની જોરદાર બેટિંગ જોવા મળી હતી. સંતરામપુર નગરમાં નિકલા વિસ્તારોમાં રહે રોડ ઉપર જ પાણી પાણી થઈ ગયું હતું. સંતરામપુરમાં આશરે બે ઈચ તો વરસાદ પડચો.

# જીલ્લા બાળ સુરક્ષા એકમ નડિયાદ દ્વારા બાળકો માટેના કાયદાઓને લઈ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નડિયાદ, જીલ્લા બાળ સુરક્ષા એકમ નડિયાદ દ્વારા ભારતીય વિદ્યામંદિર ભવન્સ સ્કૂલ, નરસંડા ચોકડી, નડિયાદ ખાતે બાળકો માટેના કાયદાઓને લઈ જાગૃતિ કાર્યક્રમ યોજાયો. જેમાં ચાર સેશનમાં ૧૦૦૦ જેટલા બાળકો અને ૨૦ જેટલા શિક્ષકોને જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ એનપીસીઆર ન્યુ દિલ્હી અંગે વિડિયોના માધ્યમથી જાણકારી અપાઈ હતી. સાથે જ બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ તથા બાળ અધિકારો અને બાળ સુરક્ષા સંબંધિત વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા બાળ સુરક્ષા એકમના લીગલ કમ પ્રોબેશન ઓફિસર કીર્તિ જોશી, બિન સંસ્થાકીય અધિકારી કુણાલ વાઘેલા, સંસ્થાકીય અધિકારી ડો.અલકા રાવલ, વંદનાબેન શુકલા, શાળાના પ્રિન્સિપાલ વંદના વાસ્તવ, શાળાના શિક્ષકો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# પીલોદ્રા પ્રાથમિક શાળામાં આઈડી કાર્ડ બનાવી આપવા એક નાગરિક મદદરૂપ થયા



બાલાસિનોર, બાલાસિનોર તાલુકામાં આવેલા પીલોદ્રા પ્રાથમિક શાળામાં રાજેશભાઈ પટેલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર પ્રાથમિક શાળાના દરેક વિદ્યાર્થીઓને સ્કુલનું આઈડી બનાવી આપવામાં આવ્યું. જેને લઈને વિદ્યાર્થીમાં ખુશી છવાઈ અને એક સુંદર ઉદાહરણ પૂરૂં પાડ્યું. શાળાને કંઈક મદદરૂપ બની આશયથી સહભાગી બનવા બદલ શાળા પરિવાર તરફથી રાજેશભાઈનો આભાર વ્યકત કર્યો.

# કાચા સોના સમાન વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ



ફતેપુરા, ફતેપુરા તાલુકામાં વરસાદના લાંબા વિરામ બાદ કાગડોળે રાહ જોવાઈ રહી હતી. આજે વરસાદની આગાહી વચ્ચે ધોધમાર વરસાદ વરસતા કાચા સોના સમાન વરસાદથી ખેડૂતોમાં આનંદની લહેર છવાઈ જવા પામી હતી. અચાનક જ ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

ફતેપુરા તાલુકામાં લાંબા વિરામ બાદ વરસાદની કાગડોળે રાહ જવાઈ રહી હતી સાંજના ત્રણે વાગ્યાની આસપાસ મેઘરાજાની સવારે અચાનક જ આવી પહોંચતા ધોધમાર વરસાદ વરસી ગયો હતો. ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. તાલુકા વાસીઓ છેલ્લા કેટલાય દિવસોથી વરસાદની જા રાહ જોવાઈ રહી હતી. ત્યારે અચાનક જ કાચા સોના સમાન વરસાદ વરસતા ધરતીપુત્રોમાં આનંદ છવાઈ જવા પામ્યો હતો. અચાનક પડેલા ધોધમાર વરસાદના કારણે ફતેપુરા પોલીસ સ્ટેશન રોડ પર આવેલી BOB બેંકની આગળ ઢીંચણ સમા પાણી ભરાઈ જવા પામ્યા હતા, તો ફતેપુરા ઘુઘસ રોડ વિસ્તારમાં પણ પાણીનો મોટા સ્ત્રોતો વહેવા લાગ્યા હતા, તો ફતેપુરા નગરના બલૈયા રોડ વિસ્તારમાં પણ પાણીનો ધોધ વહેવા લાગ્યો હતો. અસહ્ય ઉકલાટ અને બફારા વચ્ચે અચાનક આવી પડેલા વરસાદના કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી જવા પામી હતી. મોટાભાગના ખેડૂતોને ડાંગરના રોપ તૈયાર થઈને ઉભો છે. ત્યારે રોપણીલાયક વરસાદ વરસતા ખેડૂતોમાં પણ આનંદ છવાઈ જવા પામ્યો હતો. એક સાથે ધોધમાર વરસાદ વરસતા નદીનાળાઓમાં પણ પાણી વહેવા લાગ્યું હતું.

# મહીસાગર જીલ્લાના જાહેર સ્થળો અને જીલ્લા/તાલુકા સેવા સદન કે કોઈપણ સરકારી કચેરીઓની બહાર કે સદનના પરિસરના ૨૦૦ મીટરની ત્રિજયામાં ધરણા, પ્રતિક ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

મહીસાગર, મહીસાગર જીલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જીલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે મહીસાગર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સી વી લટાએ જીલ્લા સેવા સદન, મહીસાગર તથા જીલ્લા ના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જીલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યાકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૦૮/૦૯/૨૦૨૪ સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને, જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સાઓ તરીકે પરવાનગી આપવામાં આવી હોય અને સરકાર દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાન તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

# ખેડુતો, ખાતર વિતરકો તથા ખાતર ઉત્પાદકોને પુરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો મળી રહેશે

ગોધરા, હાલમાં ચાલુ ખરીફ-૨૦૨૪ સિઝનમાં સંયુક્ત ખેતી નિયામક (વિ.) વડોદરા વિભાગ હેઠળના કાર્યક્ષેત્રના જી લ્લાઓ વડોદરા, છોટાદેપુર, ભરૂચ, નર્મદા, પંચમહાલ, મહીસાગર અને દાહોદ જી લ્લાઓમા સબસીડાઇઝ રાસાયણીક ખાતર ખાસ કરીને નિમ કોટેડ યુરીયાની ખેડુતોમાં વધુ માંગ રહે છે. જે માટે અત્રેથી તમામ ખાતર ઉત્પાદક કંપનીના પ્રતિનિધીઓ ગુજરાત એગ્રો અને ગુજકોમાસોલના પ્રતિનિધીઓ સાથે મીટીંગ કરી ખરીફ ઋતુમાં થયેલ વાવેતરની સાપેક્ષમાં જરૂરીયાત મુજબનો જથ્થો અંતરીયાળ ગામો સહિતના તમામ ખેડુતોને સમયસર પુરતો જથ્થો નિયત ભાવે મળી રહે તેવુ આયોજન કરેલ છે.

૨૨ ઓગષ્ટ ૨૦૨૪ની સ્થીતીએ જી લ્લાવાર વડોદરા જીલ્લામાં ૨૫૦૦ મે.ટન, છોટાઉદેપુર જીલ્લામાં ૩૫૬૧ મે.ટન, ભરૂચ જીલ્લામાં ૪૫૭૭.૨૭૫ મે.ટન,નર્મદા જીલ્લામાં ૧૧૩૮.૪૦૪ મે.ટન, પંચમહાલ જીલ્લામાં ૫૮૧૧.૮૪૫ મે.ટન, મહીસાગર જીલ્લામાં ૨૦૨૧ મે.ટન, દાહોદ જીલ્લામાં ૧૮૩૩.૬૫ મે.ટન યુરીયા ખાતરનો જથ્થો ઉપલબ્ધછે. આગામી બે દીવસમાં વડોદરામાં ઈફકો અને ક્રિભકો ખાતરની બે રેકનું પણ આયોજન છે, જેમાં વડોદરા જીલ્લાને અંદાજીત ૨૦૦૦ મે.ટન અને છોટાઉદેપુર જીલ્લાને અઠદાજીત ૧૫૦૦ મે.ટન યુરીયા આપવાનું આયોજન છે. જેથી તમામ ખેડુત સમુદાયને ખાસ જણાવવાનું કે યુરીયા ખાતરનો બિનજરૂરી સંગ્રહ ન કરી જરૂરીયાત મુજબ જ કાર્યક્ષમ ઉપયોગ થાય તે મુજબ ખરીદી કરવા અનુરોધ કરવામાં આવે છે.

ચાલુ વર્ષે આત્મનિભર કૃષિ અને આત્મનિર્ભર ભારત અભીયાન હેઠળ સ્વદેશી અને બિનસબસીડીવાળુ નેનો યુરીયા પ્રવાહી ખાતર ગુજરાત સરકારના કૃષિવિભાગના ખેતી નિયામક, કૃષિભવન દ્વારા નેનો યુરીયા પ્રવાહી ખાતરમાં ૫૦% સહાયથી વિતરણ કરવાની યોજના અમલમાં મુકેલ છે. જેનો ખેડુતોને મહતમ લાભ લેવા વિનંતી કરાઈ છે. ઈફકો દ્વારા મળેલ માહીતી મુજબ નેનો યુરીયાના ઉપયોગથી પાકની ગુણવતા અને ઉત્પાદન વધે છે, નિમ કોટેડ દાણાદાર યુરીયા કરતા સસ્તુ છે. જે જમીન, હવા અને પાણીનું પ્રદુષણ ઘટાડી છે, જી વાત અને રોગના ઉપદ્રવને પણ ઘટાડે છે. જૈવ-સલામત અને પર્યાવરણ માટે મૈત્રીપુર્ણ છે તેમજ સંગ્રહ અને પરીવહન માં સરળ છે.

આમ, ઉપરમુજબ ની વિગતો ને ધ્યાને લઈ તમામ ખેડુત સમુદાયને જણાવવાનું કે તમારા ખેતરના ખરીફ ઋતુના ઉભા પાકમાં નાઈટ્રોજન પુર્તી ખાતરનો એક ડોઝ નેનો યુરીયા થકી આપવા અનુરોધ છે.

ખાતર વિતરકોને જણાવવાનું કે નેનો યુરીયા પ્રવાહી ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તેવી સંપુર્ણ માહીતી જેવી કે છંટ્કાવનો ડોઝ, સમય, પાક અવસ્થા વગેરેની ખેડુતોને આપવા અનુરોધ છે.

ખાતર ઉત્પાદક કંપનીઓને જણાવવાનું કે નેનો યુરીયા પ્રવાહી ખાતર લક્ષાંક ની મર્યાદામાં જ ખાતર વિતરકોને આપવામાં આવે તથા નેનો યુરીયા પ્રવાહી ખાતરના કાર્યક્ષમ ઉપયોગ કરવા માટેના ખેડુતોને વિતરણ કરવાની માહીતી,ફોલ્ડર ખાતર વિતરકોને પુરી પાડવા કે ડીસ્પ્લે બોર્ડ તૈયાર કરવા અનુરોધ છે.તેમજ ખેડુતો કે ખાતર વિતરકોની માંગણી ન હોય તેવા અન્ય ઈનપુટ્સ કે જેનાથી ખેડુતો અને વિતરકોનો આર્થીક બોજ વધે એવા અન્ય ઈનપુટ્સ ફરજીયાતપણે ન આપવા જણાવાવામાં આવે છે.ઉપરની બાબતે વધુ વિગતો મેળવવા જે તે જી લ્લા/તાલુકાના ગુણવતા નિયંત્રણ હેઠળના નાયબ ખેતી નિયામક (વિ.)/મદદનિશ ખેતી નિયામક (ગુ.ની)/ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

## આપની આજ.......

મેષ આજે આવકના નવા સ્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અનિદ્રાની સમસ્યા હોઈ શકે છે.

વૃષભઆજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે. નવી ડીલથી સ્ટેટસ, પ્રતિષ્ઠામાં વધારો થશે. તમે રાત્રે કેટલાંક અપ્રિય લોકોને મળી શકો છો.

મિથુન આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

કર્ક આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સિંહ આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે.

કન્યા આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

તુલા આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

વૃશ્ચિક આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે. કેટલાક પ્રતિકૂળ સમાચારને લીધે તમારે અચાનક બહાર જવું પડી શકે છે.

ધન આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મકર આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

કુંભ આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.આજે કાર્યક્ષેત્રમાં મૂંઝવણ રહેશે. પારિવારિક જીવનમાં સુમેળ અને પ્રેમ રહેશે.

મીન આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

# દાહોદ શહેર સહિત જીલ્લામાં મેઘરાજાની પધરામણીથી ખેડુતોમાં આનંદ




દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં ગતરોજ મોડી રાત્રીના સમયથી મેઘરાજાએ પુનઃ પધરામણી કરતાં જીલ્લામાં સર્વત્ર પાણી જોવા મળી રહ્યાં છે. દાહોદ જીલ્લામાં સૌથી વધુ વરસાદ ફતેપુરામાં ૪૫મીમી પડ્યો હતો. ત્યારે સૌથી ઓછો વરસાદ ઝાલોદ અને દાહોદમાં ૦૨ મીમી વરસાદ પડ્યો હતો. મેઘરાજાએ પુનઃ પધરામણી કરતાં ખેડુત મિત્રોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

છેલ્લા ઘણા દિવસોથી મેઘરાજા દાહોદ જીલ્લામાંથી ગાયબ થઈ ગયાં હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય ગરમી તેમજ બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં હતાં. લોકો પરસેવે રેબઝેર થઈ ગયાં હતાં. ત્યારે ગતરોડ મોત્રી રાત્રીના સમયથી દાહોદ શહેર સહિત જીલ્લામાં મેઘરાજા મહેરબાન થતાં જીલ્લામાં તમામ સ્થળોએ વરસાદી પાણી જોવા મળ્યાં હતાં. વરસાદ પડતાં લોકોને ગરમથી રાહત મળી હતો, તો બીજી તરફ મેઘરાજાની રાહ જોઈ રહેલા ખેડુત મિત્રોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. દાહોદ જીલ્લામાં સાંજના ચાર વાગ્યા સુધી કુલ ૧૪.૨૨ વરસાદ પડ્યો હતો જેમાં સૌથી વધુ વરસાદ ફતેપુરામાં ૪૫ મીમી, ઝાલોદમાં ૦૨ મીમી, લીમખેડામાં ૧૬ મીમી, દાહોદમાં ૦૨મીમી, ગરબાડામાં ૦૯ મીમી, દેવગઢ બારીઆમાં ૦૯મીમી, ધાનપુરમાં ૧૩મીમી, સંજેલીમાં ૧૮મીમી અને સીંગવડમાં ૧૪મીમી વરસાદ પડ્યો હતો.

બીજી તરફ વરસતા વરસાદ વચ્ચે દેવગઢ બારીઆના કંજેટા ગામેથી પસાર થતી પાનમ નદીમાં પુરની સ્થિત સર્જાતા અચાનક આવેલ નદીના પુરમાં ત્યાંથી પસાર થતાં ૦૩ લોકો પસાર થયાં હતાં. તે સમયે અચાનક



નદીનું પુર આવતાં પુરમાં ૦૩ લોકો ફસાતા બુમાબુમ મચી જવા પામી હતી. બુમાબુમના પગલે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં ત્યારે આ અંગેની જાણ સ્થાનીક પોલીસ તેમજ વહીવટી તંત્રને થતાં તેઓ પણ રેશ્ક્યુ ટીમની સાથે સ્થળ પર પહોંચી ગયાં હતાં અને રેશ્ક્યુ ટીમ દ્વારા ભારે જહેમત બાદ ત્રણેય વ્યકિતઓને નદીના પુરમાંથી હેમખેમ રેશ્ક્યું કરી બહાર કાઢવામાં આવ્યાં હતાં.

### આફતની પરિસ્થિતિમાં નાગરિકોની પડખે દાહોદ જીલ્લા વહીવટી તંત્ર

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના કંજેટા આવેલ પાનમ નદીના પટમાં પાણીનો પ્રવાહ વધતાં નદીમાં આવેલ ટેકરી પર ૦૬ જેટલા લોકો ફસાયેલા હોવાનું દાહોદ જીલ્લા વહીવટી તંત્રને જાણ થતાં તાત્કાલિક જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ લીમખેડા પ્રાંત અધિકારી ભવ્ય નિનામા સહિત મામલતદાર ફાયરની ટીમ પોલીસ સ્ટાફ નગરપાલિકા વનવિભાગની સહિતની ટીમો અને સ્થાનિક લોકોની મદદ દ્વારા ૦૬ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

### દાહોદ જીલ્લાના ચાર વાગ્યા સુધીના વરસાદના આંકડા

તાલુકા વરસાદ મીમીમાં,
ધાનપુર ૪૫ મીમી,
ઝાલોદ ૦૨ મીમી,
લીમખેડા ૧૬ મીમી,
દાહોદ ૦૨ મીમી,
ગરબાડા ૦૯ મીમી
દેવગઢ બારીઆ ૦૯ મીમી,
ધાનપુર ૧૩ મીમી,
સંજેલી ૧૮ મીમી,
સીંગવડ ૧૪ મીમી,
કુલ ૧૪.૩૨ મીમી
નોંધાયો હતો.

## દાહોદ નગરમાં ગણેશ યુવક મંડળો ગણેશજીના આગમન યાત્રાની તડામાર તૈયારીઓમાં લાગ્યા

દાહોદ,

ગણેશોત્સવને માંડ હવે પંદર જેટલા દિવસો રહ્યા છે અને દાહોદમાં ભાવિકો ગણેશજીની આગમન યાત્રા માટેની તડામાર તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. આ વર્ષે શ્રીજીની આગમન યાત્રા માટે નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે સ્માર્ટ સીટી દાહોદના રસ્તાઓની અત્યંત જર્જરીત હાલત જોતા ગણેશજીની આગમન યાત્રા ટાણે આગમન યાત્રાના માર્ગમાં પડેલા ઊંડા ઊંડા અસંખ્ય ખાડાઓને કારણે વિઘ્ન સર્જાય તેવી વ્યક્ત કરાતી ઊંડી ઊંડી આશંકાઓને પગલે વિઘ્નહર્તા દુંદાળા દેવની આગામી પહેલી સપ્ટેમ્બરથી શરૂ થનાર શ્રીજીની આગમન યાત્રા પહેલાં યાત્રાના રૂટ પરના નાના મોટા તમામ ખાડાઓ નગરપાલિકા દ્વારા વેઠ ઉતાર્યા વિના વ્યવસ્થિત રીતે પૂરવામાં આવે તેવી બુલંદ લોક માંગ ઉઠવા પામી છે.

દાહોદના રળીયાતી ગણેશ મંડળના આયોજકો ગઈકાલ બુધવારે રાતે શ્રીજીની ભવ્ય મૂર્તિ એક વાહનમાં વ્યવસ્થિત રીતે પધરાવી ગોધરા થી દાહોદ લાવી રહ્યા હતા અને દાહોદમાં ગોધરા રોડ ખાતે વાજતે ગાજતે શ્રીજીની આગમન યાત્રા કાઢવા મોટી સંખ્યામાં ભાવિકો એકત્રિત થયા હતા. પરંતુ દાહોદ આવે તે પહેલા જ ખોડીયાર હોટલ નજીક હાઈવે પર શ્રીજીની પવિત્ર મૂર્તિ પધરાવેલ વાહન કોઈ કારણસર હાલક ડોલક થતા શ્રીજીની પવિત્ર મૂર્તિ વાહન માંથી રોડ પર પડતા મૂર્તિ ખંડિત થઈ જતા શ્રીજીની મૂર્તિ લાવનારા ભાવિકો દુઃખથી વિચલિત થઈ ગયા હતા. અને સાચા હૃદયથી રડ્યા હતા. આ દુઃખદ ઘટનાના પગલે શ્રીજી ભક્તોમાં દુઃખની લાગણી ફેલાવવા પામી હતી. ત્યારે આગામી પહેલી સપ્ટેમ્બરથી દાહોદમાં શ્રીજીની આગમન યાત્રાનો આરંભ અનાર છે ? ભક્તોમાં પણ શ્રીજીની આગમન યાત્રા માટેનો અનેરો ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. ત્યારે દાહોદના ઊંડા ઊંડા મસ મોટા ખાડાઓ વાળા રાજમાર્ગોની હાલત જોતા શ્રીજીની આગમનયાત્રામાં વિઘ્ન સર્જાવાની પ્રબળ આશંકાઓ નગરજનો દ્વારા વ્યક્ત કરાઈ રહી છે. કારણકે જનતા ચોકથી લઈને ભગિની સમાજ, એસ.વી.પટેલ રોડ, યાદગાર ચોક, નગરપાલિકા ચોક થઈ પડાવ સુધીના શ્રીજીની આગમન યાત્રાના રૂટ પર ગણ્યા ગણાય નહીં એટલા ઊંડા ઊંડા મસ મોટા અસંખ્ય ખાડાઓ પડેલા છે અને આ રસ્તાના કામો દિવાળી પહેલા હાથ ધરાય તેવી કોઈ શકતાઓ પણ નથી. પરંતુ શ્રીજીની આગમન યાત્રામાં કોઈ વિઘ્ન ના નડે અને ધાર્મિક આસ્થાને કોઈ ઠેસ ન પહોંચે તે માટે શ્રીજીની આગમન યાત્રાના રૂટ પરના તમામ ખાડાઓ ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં નગરપાલિકા દ્વારા કોઈપણ જાતની વેઠ ઉતાર્યા વિના વ્યવસ્થિત રીતે પુરવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે. ત્યારે ઓગસ્ટના અંત સુધીમાં શ્રીજીની આગમન યાત્રાના રૂટ પરના મસમોટા ખાડાઓ પુરવા નગરપાલિકા દ્વારા ક્યારે પ્રયાસ હાથ ધરવામાં આવશે તે હવે જોવું રહ્યું !

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરાઈ



દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિતે ઓનલાઇન પ્લેટફોર્મ પર વેબીનારના કા્યક્રમનું આયોજન તા.૨૩-૦૮-૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. કોલેજના સ્ટાફ સભ્યોએ પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

## ગરબાડાની તાલુકા કન્યા પ્રાથમિક શાળામાં 'નેશનલ સ્પેસ ડે'ની ઉજવણી કરવામાં આવી



ગરબાડા,

ચંદ્રના દક્ષિણધ્રુવ પર ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણ બાદ વૈશ્વિક વિક્રમ રચયતા વૈજ્ઞાનિકોના સન્માનમાં આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના આહ્વાનથી ૨૩મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ પ્રથમ 'નેશનલ સ્પેસ ડે'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તાલુકા કન્યા પ્રાથમિક શાળામાં અવકાશ વિજ્ઞાન તેમજ અવકાશને લગતા સંશોધનોથી વિદ્યાર્થીનીઓ માહિતગાર થાય તે હેતુથી શાળા કક્ષાએ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આખા કાર્યક્રમનું આયોજન શાળાના ઉત્સાહી શિક્ષિકા આરતીબેન શિયાળીયાએ કર્યું હતું. વિદ્યાર્થીનીઓ દ્વારા રંગોળી તેમજ પોસ્ટર પ્રદર્શન તેમજ ચર્ચા વિચારણા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

## દાહોદના ભીટોડી ગામે નેશનલ હાઈવે ઉપર ટ્રક માંથી ૧૭.૬૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો



દાહોદ,

દાહોદ તાલુકાના ભીટોડી ગામેથી પસાર થતાં ઈન્દોર ગોધરા નેશનલ હાઈવે ઉપરથી દાહોદ એલસીબી પોલીસે એક ટ્રકમાંથી મોટા મશીનરીની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો કુલ રૂા.૧૭,૬૮,૦૮૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૪૩,૦૭,૦૮૦ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે ગતરોજ દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદના ભીટોડી ગામેથી પસાર થતાં ઈન્દોર ગોધરા નેશનલ હાઈવે ઉપર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવિલ એક ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે પોલીસે તેને રોકી ગાડીના ચાલકની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેથી પોલીસે ટ્રકની તલાસી લેતાં તેમાંથી મશીનરીની આડમાં સંતાડી રાખી લઈ જવાતો વિદેશી દારૂની પેટીઓ નંગ.૧૮૨ જેમાં બોટલો નંગ.૬૨૧૬ કિંમત રૂા.૧૭,૬૮,૦૮૦ના પ્રોહી જથ્થો પોલીસે કબજે કરી ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૪૩,૦૭,૦૮૦ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલક મોહમદ મુફીદ અસરફ (મુસ્લીમ) (રહે. રાજસ્થાન)ની પોલીસે અટકાયત કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પરમાર ના ખાખરીયા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી



લીમખેડા,

લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રમાં આવેલી પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં ભગવાન કૃષ્ણના જન્મદિવસ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોને શાળાના સિનિયર શિક્ષક ચીમનભાઈ માવી દ્વારા બાળકોને કૃષ્ણ ભગવાન વિશેની સમજ આપવામાં આવી. કૃષ્ણ ભગવાનના ભજનનું ગાન કરવામાં આવ્યું. ત્યાર બાદ શાળાનાં બાળકો દ્વારા મટકી ફોડી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. બાળકોને પ્રસાદમાં ચોકલેટ આપવામાં આવી હતી.

## ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દાહોદ દ્વારા જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે આપદા મિત્રોની રીફ્રેશર તાલીમ યોજાઈ

દાહોદ,

દાહોદ ખાતે જીલ્લા કક્ષાની આપદામિત્ર રીફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. એક વાત ઉલેખનીય છે કે, આપદા દરમિયાન દૂર રહેલા ગામડા વિસ્તારમાં આ આપદા મિત્રો પ્રથમ સહાયક તરીકે ખૂબ ઝડપી સહાયતા કરી રહ્યા છે. જેને ધ્યાને રાખી આ તાલીમનું આયોજન કરવામા આવ્યુ હતું. આ તાલીમમા નિષ્ણાતો તરીકે ફાયર સ્ટેશન દાહોદના ફાયર ઓફિસર દીપેશ જૈન, જીલ્લા પ્રોજેક્ટ અધિકારી અતુલ પરમાર, જીલ્લા પ્રોજેક્ટ અધિકારી, પંચમહાલવિરલ ક્રિશ્ચયન, જીલ્લા મેનેજર ૧૦૮, ડો. હિતેશ ચારેલ, આરોગ્ય વિભાગ, દાહોદ, જીલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ સરદારસિંહ બારીયા હાજર રહ્યા હતા.આ તાલીમમાં વિવિધ આપત્તિ અંગે પ્રેક્ટીકલ અને થિયરીકલ માહિતી આપવામાં આવી તથા આપત્તિ સમયે શું કરવું ? - શું ના કરવું તે અંગેની વિસ્તાર પુર્વક માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત આગના પ્રકાર, આગ દરમિયાન શું કાળજી લેવી તેમજ ફાયર વિભાગના વિવિધ સાધનોની પ્રદર્શની કરવામાં આવી હતી. ગ્રીન હેલ્થ ૧૦૮ માંથી ઉપસ્થિત રહેલ મેનેજરએ ૧૦૮ ની સુવિધા, સારવાર જેવી અનેક બાબતોથી આપદા મિત્રોને માહિતગાર કર્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા CPR અને ફર્સ્ટ એડ વિષયક માર્ગદર્શન પૂરૂં પાડવામા આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં આશરે ૭૦ જેટલા આપદામિત્ર તથા અન્ય લોકોએ હાજર રહી તાલીમા ભાગ લીધો હતો.

## ઝાલોદના ડુંગરી ગામે અવાવરૂ ખેતર માંથી ૧૪.૭૩ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો



દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ડુંગરી ગામેથી પોલીસે એક અવાવરૂ ખેતરમાં મળેલ બાતમીના આધારે ઓચિંતી તપાસ હાથ ધરતાં ખેતર માંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૧૪,૭૩,૩૬૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા, નાસતા ફરતાં આરોપીઓને ઝડપી પાડવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસવડાની સુચના અને માર્ગદર્શન હેઠવ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે ગત તા.૨૩મી ઓગષ્ટના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદના ડુંગરી ગામે ગેંગદીયા ફળિયામાં એક અવાવરૂં ખેતરમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં ખેતર માંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૧૦,૧૫૨ જેની કુલ કિંમત રૂા.૧૪,૭૩,૩૬૦નો પ્રોહી જથ્થો કબજે કર્યો હતો. પોલીસે આસપાસ તપાસ કરતાં કોઈ ઈસમ મળી આવ્યો ન હતો. આ સંબંધે લીમડી પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાવનગર જૈન તીર્થધામોમાં પવિત્રતા જળવાતી ન હોવાની વિવાદાસ્પદ નોટિસ બહાર પાડવામાં આવી

ભાવનગર,

જૈન સમાજને લઈ પાલિતાણા ટ્રસ્ટે વિવાદાસ્પદ નોટિસ બહાર પાડી છે. તેમાં જૈન તીર્થધામોમાં પવિત્રતા ન જળવાતી હોવાનો ચંદ્રોદય ટ્રસ્ટે નોટિસમાં ઉલ્લેખ કર્યો છે. શેત્રુંજીનાં પાલિતાણા ડુંગર પર આવેલા હસ્તગીરી તીર્થધામ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમજ લખ્યું છે કે, જૈનો અને અન્ય સમાજનાં લોકોએ હસ્તગીરી તીર્થધામને ફરવાનું સ્થળ બનાવી દીધું છે. તેમજ ડુંગર પરથી સારા દ્રશ્યો દેખાતા પ્રી-વેડિંગ શૂટ માટે કપલ્સનો ઘસારો પણ ખૂબ જ વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે.

જેને લઈ પાલિતાણાનાં ચંદ્રોદય ટ્રસ્ટે નિયમો બનાવીને નોટિસ પ્રસિદ્ધ કરી છે. જેમાં હસ્તગીરીની યાત્રા પગપાળા કરવી, તેમજ પિકનિક સ્પોટ નથી માટે મર્યાદા જાળવવી, સેલ્ફી કે વીડિયોગ્રાફી ન કરવી, કંદમૂળ લઈના ન આવવા, રાત્રિ ભોજન કે બજારનું ખાનપાન લઈને ન આવવા તેમજ ડુંગર પર પાન-ગુટખાનું સેવન ન કરવું, મોબાઈલ તેમજ કેમેરાનો ઉપયોગ બંધ કરવો. બહેનોએ મર્યાદાસભર વસ્ત્રો પહેરવા અને બ્રહ્મચર્યનું પાલન કરવા જેવા નિયમોને નોટિસ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

જૈન ટ્રસ્ટે કહ્યું કે હસ્તગીરીજીની તીર્થયાત્રા પગે ચડીને જ કરવી જોઈએ,આ પિકનિક સેંટર નથી, મર્યાદાનું પાલન કરો,જૈનધર્મનું પવિત્ર કેન્દ્ર છે તેમાં સેલ્ફી, શૂટિંગ કરવું નહી,કંદમૂળ ગીરીરાજ પર લાવશો નહી,રાત્રીભોજન, બજારૂ ખાનપાન પવિત્ર સ્થળે ન લાવશો,પાન-ગુટખા ગીરીરાજ પર ખાવા નહી,મોબાઈલ અને કેમેરાનો ઉપયોગ કરવો નહી,બહેનોએ અંતરાય ચુસ્તપણે પાળવો,મર્યાદાસભર વસ્ત્રો પહેરવા, બ્રહ્મચર્યનું પાલન કરવું,રાજ્યના આ મંદિરમાં ટૂંકા વસ્ત્ર સાથે પ્રવેશ નિષેધ રહેશે

## દાહોદ જીલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુતો જોગ

દાહોદ,

ચાલું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતાની યોજનાઓ અંતર્ગત બાગાયતી પાકના કલ્સ્ટરોને કાપણી પછીની વ્યવસ્થા અને બજાર સાથે સાંકળવા વ્યકિતગત/ ખાનગી સંસ્થા/ ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશન (FPO/ FPC)/ સહકારી સંસ્થાને માળખાકીય સુવિધા પૂરી પાડવા બાબત, રાજયમાં બાગાયતી પેદાશો માટે શીત સંગ્રહ (કોલ્ડ સ્ટોરેજ) ક્ષમતા વધારવા અંગેનો કાર્યક્રમ સહાય યોજના માટે તા.૧૨/ ૦૮/૨૦૨૪ થી તા.૧૧/ ૧૦/૨૦૨૪ તેમજ બીજા અન્ય ઘટકોમાં સહાય મેળવવા માટે આઈ-ખેડુત પોર્ટલ (https:// ikhedut.gujarat.gov.in) ખુલ્લુ મુકવામાં આવેલ છે. જે ખેડુતમિત્રો બાગાયત ખાતાની સહાય યોજનામાં લાભ લેવા માંગતા હોય તેઓએ ઉપરોક્ત જણાવેલ સમયગાળા દરમ્યાન ઓનલાઈન અરજી કરી, અરજી સાથે ૮-અ, ૭ અને ૧૨ નકલ, આધારકાર્ડ તથા બેંક ખાતાની વિગત તેમજ જાતિના દાખલા (અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ ખેડુતો માટે) ના સાધનિક કાગળો દિન- ૭ માં નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નંબર ૨૩૩-૨૩૫, જીલ્લા સેવા સદન, દાહોદ (ફોન.નં. ૦૨૬૭૩-૨૩૯૨૫૧) એ રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા નાયબ બાગાયત નિયામક દ્વારા જણાવાયુ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.3

## પંચમહાલ જીલ્લામાં લાંબા વિરામ બાદ બપોર બાદ મેઘરાજાની પધરામણી થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી



ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં લાંબા વિરામ બાદ આજે બપોર બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં ગોધરા શહેરના રસ્તાઓ ઉપર પાણી ભરાયેલ જોવા મળ્યા હતા. જીલ્લામાં લાંબા સમયની મેઘરાજાએ વિરામ લેતાં અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો પરેશાન હતા. ત્યારે મેઘરાજા મહેરબાન થતાં વાતાવરણમાં પ્રસરી હતી. સાથે મેઘરાજાની પૂનઃ પધારામણી થતાં ખેડુતોમાં આનંદ જોવા મળ્યો.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં મેઘરાજાએ લાંબા વિરામ બાદ લેતાં છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમી અને બફારાને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા સાથે મેઘરાજાએ વિરામ લેતા ધરતીપુત્રો પણ વિસામણમાં મુકાયા હતા. ત્યારે લાંબા વિરામ બાદ આજરોજ પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં બપોર બાદ વાતાવરણ પલટાયું હતુ અને મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી ધોધમાર વરસાદ પડતાં શહેરના શહેરા ભાગોળ, સિંદુરી માતા મંદિર તેમજ નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ગોધરાના કેટલાક વિસ્તારોમાં ગટર લાઈન બ્લોક થઈ જતાં ગંદુ પાણી પણ રોડ ઉપર વહેવા માંડયું. જેને લઈ વાહન ચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકી વેઠવી પડી હતી. ગોધરા શહેરમાં કલેકટર કચેરી કંપાઉન્ડ, જીલ્લા પંચાયત કચેરી પાસે તેમજ જીલ્લા કોર્ટ વિસ્તારના રસ્તા ઉપર પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. પંચમહાલ સહિત ગોધરામાં લાંબા વિરામ બાદ વરસાદ પડતાં ખેડુતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

**પંચમહાલ જીલ્લામાં લાંબા વિરામ બાદ આજે નોંધાયેલ વરસાદી આંકડા....**

| | |
|---|---|
| શહેરા | ૨૦ મી.મી. |
| મોરવા(હ) | ૪૧ મી.મી. |
| ગોધરા | ૨.૦૫ ઈંચ |
| કાલોલ | ૨.૧૫ ઈંચ |
| ઘોઘંબા | ૨૧ મી.મી. |
| હાલોલ | ૧.૦૫ ઈંચ |
| જાંબુઘોડા | ૦૮ મી.મી. |

## શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના નામનું ફેસબુક આઈડી બનાવનારને યુ.પી.ના મેરઠથી ઝડપ્યો

શહેરા,

શહેરા પોલીસ મથક ખાતે જૂન મહિનામાં સાઈબર ક્રાઈમ સંદર્ભનો એક ગુન્હો નોંધાયો હતો. જેઠાભાઈ ભરવાડ ( આહીર )ના નામનું ફેક (ખોટું) ફેસબુક એકાઉન્ટ બનાવનારને પોલીસે ઉત્તરપ્રદેશના મેરઠ નજીક મવાના તાલુકાના મીરપુર ગામેથી ઝડપી પાડ્યો હતો.

વર્તમાન સમયમાં સાયબર ક્રાઈમના ગુન્હામાં ફેસબુકમાં ફેક એકાઉન્ટ કે પછી ઓનલાઈન માં ઠગાઈ ના ગુન્હાઓનું પ્રમાણ વધતું જાય છે. કેટલાક કિસ્સાઓમાં ભોગ બનનાર વ્યકિત સમયસર પોલીસને જાણ કરે તો સાયબર ક્રાઈમ કરનારને પકડી પાડવામાં આવે છે. ત્યારે જૂન મહિનામાં શહેરા પોલીસ મથકે સાઈબર ક્રાઈમ સંદર્ભનો એક ગુન્હો નોંધાયો હતો. જેમાં જેઠાભાઈ ભરવાડ (આહીર)ના નામનું ફેક (ખોટું ) ફેસબુક એકાઉન્ટ બનાવી તેઓના સાચા ફેસબુક એકાઉન્ટમાં થી બે ફોટા આ ફેક ફેસબુક એકાઉન્ટમાં મુકવામાં આવ્યા હતા. જેની તપાસ શહેરા પોલીસ મથકના પી.આઈ. રાહુલ રાજપૂત કરી રહ્યા હતા અને તેઓએ ફેક ફેસબુકના આઈ.પી. ટ્રેક કરી ટેક્નિકલ એનાલિસિસ કરતા જાણ થઈ હતી કે ફેક ફેસબુક એકાઉન્ટ ધારક ઉત્તરપ્રદેશના મેરઠ પાસે રહે છે. આથી, પી.આઈ. રાજપૂત અને સાથે સર્વેલન્સ ટીમના એ.એસ.આઈ રણજીતસિંહ,પો.કો વિપુલભાઈ એ એક તરફનું ૧૩૦૦ કી.મી નું અંતર કાપી ૨ જીલ્લા અને ૫ તાલુકા ફેંદી વળ્યાં હતા. અંતે સાઈબર ક્રાઈમના આરોપી સુશીલકુમાર અજીતસિંહ ગુર્જરને ઉત્તરપ્રદેશના મેરઠ નજીક મવાના તાલુકાના મીરપુર ગામેથી હસ્તગત કરી શહેરા પોલીસ મથકે લાવ્યા હતા. જ્યાં તેની પાસેથી ફેક ફેસબુક એકાઉન્ટ બનાવ્યુ હતું તે મોબાઈલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. નોંધનીય છે કે, પોલીસે જવા અને આવવાનું કુલ ૨૬૦૦ કી.મી.નું અંતર કાપી સાઈબર ક્રાઈમના આરોપીને દબોચ્યો હતો.

## ગોધરાના બગીચા રોડ પર મસ્ત મોટો ભૂવો પડતા ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડી

ગોધરા,

ગોધરા શહેરના તમામ મુખ્ય માર્ગો પર મસમોટા ખાડાઓ યથાવત જોવા મળી રહ્યા છે. શહેરમાં પડેલા ખાડાઓમાં વધુ એક ભુવાનો ઉમેરો થવા પામ્યો છે. મસમોટા ભુવો પડ્યો હોવા છતાં પાલિકા દ્વારા બેરીકેટીંગ પણ કરવામાં આવ્યું નથી. વાહનચાલકો અને રાહદારીઓને વરસાદમાં અકસ્માતનો ડર સતાવી રહ્યો છે. વરસાદના કારણે આ મસમોટો ભુવો પડી ગયો છે, જેને લહીને રાહદારીઓ અને વાહન ચાલકો આ ભુવામાં પડી જાય તો જવાબદાર કોણ તેવું સબંધિત વિભાગને પૂછી રહ્યા છે.

## ગોધરામાં પોલીસે શંકાસ્પદ માંસનો જથ્થો ઝડપી પાડયો

ગોધરા,

ગોધરા શહેર બી ડિવિજન પોલીસ દ્વારા સાતપુલ વિસ્તારમાં આવેલી અકસા મસ્જિદની પાસે ગતરોજ રેઈડ પાડી હતી. જે રેઈડ દરમિયાન આરોપી ખાલિદ સિદ્દીક આલમ ઉર્ફે ડગરો તેમજ ઈકરામ રિયાઝ મુલ્લા સાથે મળીને પોતાની સી.એન.જી. રિક્ષામાં કોઈક જગ્યાએથી માંસ મટનનો જથ્થો આરોપી મહેબૂબ અબ્દુલ રઝાક ઈસ્માઈલવાલાને આપવા માટે ભરી લાવ્યા હતા. જેમાં પોલીસે ઉકત કાર્યવાહી દરમિયાન સ્થળ ઉપરથી ૧૬ કિલો શંકાસ્પદ માંસ મટન નો રૂ.૩૨૦૦નો જથ્થો તેમજ રિક્ષા રૂ.૫૦,૦૦૦ તેમજ અન્ય સર સામાન મળી રૂ.૫૩,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ત્યારે પોલીસે ઝડપેલું માંસ તે ગૌ માંસ છે કે કેમ તેના પરીક્ષણ અર્થે કબ્જે લીધુ હતું.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ટેન્ડર નોટીસ નં-૦૩ (બીજો પ્રયત્ન) અને**
**ટેન્ડર નોટીસ નં-૦૪ સને-૨૦૨૪-૨૫ (પ્રથમ પ્રયત્ન)**
**ઈ-ટેન્ડર આઈ.ડી. નં.- ૯૯૭૯૨ અને ૧૦૦૦૮૯**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો-પંચમહાલ-૩૮૯૦૦૧, ફોન નં-૦૨૬૭૨ ૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૧) કામનું નામ- એકશન પ્લાન ૨૦૨૪-૨૫ (મ.અને નિ.) અંતગર્ત (અ) પંચમહાલ જીલ્લાના હાલોલ/ જાંબુઘોડા/ ઘોઘંબા તાલુકાની પી.એમ.-૩ એ જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ) ૦૩ માસ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂ.૪૪.૪૩ લાખ (બીજો પ્રયત્ન) અને (બ) પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાની પી.એમ.-૩ બી જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ) ૦૭ માસ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂ. ૪૨.૯૫ લાખ (પ્રથમ પ્રયત્ન) (કુલ બે કામ) (૨) એજન્સીની પાત્રતા- ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ ખાતાના યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ / ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http://gwssb.nprocure.com ઉપર જોઈ શકાશે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ-૩૦/૦૮/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી./હાથો હાથ/કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ-૩૧/૦૮/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટ / સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

* ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી/ગોધરા/૩૨૮/૨૦૨૪)

## ગોધરાના ખાડી ફળીયા વિસ્તારમાં ભુંડોના ત્રાસ અને ગંદકીથી સ્થાનિક રહિશો પરેશાન થતાં હોય જેને લઈ યુવા કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારીને આવેદન



ગોધરા,

ગોધરા શહેરના ખાડી ફળીયા વિસ્તાર સહિત આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ભુંડોના ત્રાસના કારણે સ્થાનિક રહિશો પરેશાન થઈ ગયા છે. સાથે આ વિસ્તારમાં અતિશય ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ભુંડોના કારણે બાળકો તેમજ વૃધ્ધ મહિલાઓને બચકાં ભરવાના કિસ્સાઓ પણ બનવા પામ્યા છે. ભુંડોના ત્રાસ તેમજ ગંદકીને લઈ લોકો ભયભીત અને ચિંતીત બન્યા છે. ત્યારે આ વિસ્તારના રહિશોની સમસ્યાને લઈ પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ દ્વારા ગોધરા પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું.ગોધરા શહેરના ખાડી ફળીયા વિસ્તાર સહિત આસપાસના વિસ્તારોમાં ભુંડોનો ત્રાસ દિનપ્રતિદિન વધતો જાય છે. જેને લઈ સ્થાનિક રહિશો પરેશાન થઈ ગયા છે. ભુંડો દ્વારા આ વિસ્તારના બાળકો અને વૃધ્ધ મહિલાઓને બચકાંઓ ભરવાાના અનેક કિસ્સાઓ વધી રહ્યા છે. ભુંડોના કારણે સમગ્ર વિસ્તારમાં ગંદકીનું સામ્રાન્ય જોવા મળી રહ્યુંછે. હાલમાં ચોમાસાની સીઝન ચાલતી હોય જેને લઈ ઠેરઠેર ખાડાઓના કારણે ભુંડો તેમાં વસવાટ કરી રહ્યા છે. ખાડી ફળીયા વિસ્તારમાં ભુંડોને નિયંત્રીત કરવામાં નહિ આવે તો રોગચાળો ફેલાવાની શક્યતા જણાઈ રહી છે. ભુંડોનો ત્રાસ એટલો વધ્યો છે કે, ગરીબ અને મધ્યમવર્ગના ઘરમાં પ્રવેશીને ઘરના સામાન તેમજ શાકભાજી, અનાજનો બગાડ કરી નુકશાન પહોંચાડે છે. ખાડી ફળીયા વિસ્તારોની સમસ્યાને લઈ પંચમહાલ જીલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ નિકી જોસેફ, અજીતસિંહ ભાટી, રાજેન્દ્રસિંહ પરમાર, રફીક તિજોરીવાલા સહિત મોટી સંખ્યા કાર્યકરો હાજર રહી રેલી સ્વરૂપે ગોધરા પ્રાંત કચેરી ખાતે પ્રાત અધિકારીને આવેદન આપી ભુંડોના જવાબદારો સામે પગલાં ભરવા સ્થાનિક રહિશોની મુશ્કેલી નિવારવામાં આવે તેવી માંગ કરાઈ.

અભીનંદન....


**પંચમહાલ સમાચાર**
દૈનિક
**૨૮માં વર્ષમાં** મંગળ પ્રવેશ થતાં

**મોહનીયા કરણસિંગ એસ**

તરફથી અભીનંદન....

મુ. બીલીયા
તા. ધાનપુર

## ગોધરા હોસ્પિટલમાં રીસેપ્સનીસ્ટ યુવતિએ સારવાર માટે આવતા નાણાં અંગત કામે વાપરી નાખતા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ



ગોધરા,

ગોધરા શહેર ભુરાવાવ વિસ્તારના પાર્વતી નગર ખાતે આવેલ હોસ્પિટલમાં રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતી યુવતિએ ડાંકટરની જાણ બહાર લાખો રૂપીયાની ઉચાપત કરી પોતાના અંગત કામ માટે લાખો રૂપીયા વાપરી નાખ્યા હતા. આ બાબતે હોસ્પિટલના ડાંકટર દ્વારા ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે યુવતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ગોધરાના પાર્વતી નગર ખાતે આવેલ બાળકોની હોસ્પિટલમાં યુવતિ રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતી હતી. યુવતિ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા પેશન્ટો પાસેથી લેવાની થતી તપાસ ફી અને સારવાર ફીના નાણાં કેશ તથા ઓનલાઈન લેતી હતી. આથી ડાંકટરે પણ રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતી યુવતિ કર્મચારી હોવાને લઈ પુરેપુરો વિશ્વાસ રાખ્યો હતો પરંતુ યુવતિ સમયાંતરે પેશન્ટો પાસેથી નાણાં રોકડમાં મેળવી લઈ અને ડાંકટરને હિસાબ આપતી વખતે ઓનલાઈન પે કરેલ છે. તેમ જણાવી અમુક પેશન્ટના સારવારના નાણાં પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લઈ અને રૂા.૮,૯૬,૦૦૦/-પોતાના અંગત કામે વાપરી નાખ્યા હતા. જ્યારે આ પૈકીના ૯૦,૦૦૦/- રૂપીયા યુવતિના માતા-પિતાએ ડાંકટરને ચુકવીને બાકીના રૂા.૮,૦૯,૬૦૦/-ની કાયમી ઉચાપત કરી હતી. આથી ડાંકટર નિરવ પી.હમીરાણીએ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ આપી છે. તેમાં ડાંકટર દ્વારા જણાવાયું છે કે, તેમની હોસ્પિટલમાં રીસેપ્સનીસ્ટ તરીકે કીંજલ રાજુભાઈ બારીયા (રહે. રાવત ફળીયું, છબનપુર) છેલ્લા ૧ વર્ષથી હોસ્પિટલમાં નોકરી કરે છે. તેના ઉપર વિશ્વાસ રાખીને હોસ્પિટલનો હિસાબ-કિતાબ તેને સોંપ્યો હતો. આથી રીસેપ્સનીસ્ટ કિંજલબેન પેશન્ટ પાસેથી ફી ના મેળવેલ પૈસા રોકડ લઈને સાંજે હિસાબ આપતી વખતે રોકડ નાણાં એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્સફર કર્યા છે. તેમ જણાવતી હતી. જેથી ડાંકટર વિશ્વાસ રાખીને એકાઉન્ટ તપાસતા ન હતા પરંતુ છેલ્લા એક મહિનામાં મારી હોસ્પિટલ ઉપર આવેલ પેશન્ટ તથા તેઓની પાસેથી વસુલ કરેલ નાણાંમા વિસંગતા જણાઈ હતી. જેને લઈ ડાંકટર દ્વારા તેમના બેન્ક એકાઉન્ટોની તપાસ કરી હતી. જેમાં નાણાં સંબંધી રકમની તપાસ કરતા કિંજલબેન એ મને ઓનલાઈન પેમેન્ટની હકીકત જણાવેલ જેમાં ટ્રાન્જેકશનોમાં અમુક નાણાં અમારા એકાઉન્ટમાં નહિ આપ્યા હોવાનું જણાયું હતું. જેને લઈ કિંજલબેનનું બેન્ક સ્ટેટમેન્ટ મંગાવ્યું હતું. જેમાં કિંજલબેન એ તા. ૦૧/૦૧/૨૦૨૪ થી તા.૧૫/૦૮/૨૦૨૪ દરમિયાન આશરે રૂા.૮,૯૬,૬૦૦/- પોતાના અંગત કામ માટે વપારી નાખેલ હોવાનું જણાવ્યું હતું અને તા.૧૬/૦૮/૨૦૨૪ના રોજ કિંજલબેનના માતા-પિતા હોસ્પિટલમાં આવ્યા હતા અને કિંજલથી થયેલ ભુલ સ્વીકારેલ અને વાપરી નાખેલ નાણાં ૧૦દિવસમાં આપી દેવાની ખાતરી આપી હતી. જેમાંથી ૯૦ હજાર રૂપીયા રોકડા આપ્યા હતા. બાકીના પછી આપવાનું કરેલ હતું. ૧૦ દિવસનો સમય પુરો થતાં કિંજલના માતા-પિતાને બાકીના પૈસા બાબતે વાત કરતાં તેઓ મેં કોઈ પૈસા લીધા નથી કે આપવાના નથી. ડાંકટર અમારી પાસે પૈસાની માંગણી કરશો તો અમે અમારી છોકરીની છેડતી, બળાત્કારની ફરિયાદ કરીશું અને અમારી ઉપર પૈસાનું દબાણ કરશો તો અમે અથવા અમારી છોકરી ડાંકટરનું નામ લખી આત્મહત્યા કરી લઈશું અને કેસમાં ફસાવી દઈશું. તેવી ધમકી આપતાં આખરે ડાંકટર નિરવ હમીરાણીએ રીસેપ્સનીસ્ટ કિંજલ બારીયા વિરૂદ્ધ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ કાર્યવાહી શરૂ કરી છે.

## કાલોલતાલુકા કાનુની સેવા સત્તા મંડળના સહયોગથી સર્વોદય કોલેજ ખાતે કાનુની શિક્ષણ શિબીર યોજાઈ



કાલોલ,

સર્વોદય કોલેજ ઓફ એજયુકેશન ડેરોલસ્ટેશન ખાતે તા. ૨૩/૦૮/૨૦૨૪ના રોજ તાલુકા કાનુની સેવા સત્તા મંડળ કાલોલના સહયોગથી કાનુની શિક્ષણ શિબીરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જાણીતા એડવોકેટ બી.બી.પરમાર, એડવોકેટ આર.એમ.ઉપાધ્યાય, એડવોકેટ એચ.એન.મકવાણા નાઓએ સર્વોદય કોલેજ ઓફ એજયુકેશન ના વિદ્યાર્થીઓને મફત કાનુની સહાય, સ્ત્રીઓને લગતા કાયદા વિષે માહિતી આપી હતી તથા સર્વોદય કોલેજના ગ્રંથપાલ (લાયબ્રેરીયન) ગૌરી.એમ.પાંડે એ પુસ્તકનું જીવનમાં મહત્વ વિષે માહિતી આપી હતી. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કાયદાને લગતી પ્રશ્નોતરી કરવામાં આવેલ જેનો હાજર વકીલોઓએ સંતોષકારક રીતે સમજાવી તેઓની મુઝવણ દુર કરેલ હતી.

## હાલોલ જી.આઈ.ડી.સી. જય કોલોનીમાં ૧૯ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

હાલોલ,

હાલોલ જીઆઈડીસી જય કોલોની રહેતા ૧૯ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણો રૂમમાં મોજા સાથે રૂમાલ વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ જીઆઈડીસી જય કોલોનીમાં રહેતા રાજીવકુમાર નકલેશ પાસવાન ઉ.વ.૧૯ (રહે. મુળ. સઈદાપુર, તા.ગવાસા-નવાદા, બિહાર)એ કોઈ અગમ્યકારણોસર પોતાની રૂમમાં મોભ સાથે રૂમાલ વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

અભીનંદન....

**પંચમહાલ સમાચાર**
દૈનિક
**૨૮માં વર્ષમાં** મંગળ પ્રવેશ થતાં

**હંસાબેન વી પરમાર**

તરફથી અભીનંદન....

મુ. નવાનગર
તા. ધાનપુર

## વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે જીલ્લા પોલીસવડાની અધ્યક્ષતામાં વાર્ષિક લોક દરબાર કાર્યક્રમ યોજાયો



કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી તેમજ ડીવાયએસપી રાઠોડ તેમજ કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ડી.ભરવાડ અને વેજલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એલ. કામોલ અધ્યક્ષતામાં વાર્ષિક લોક દરબાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગામના વિવિધ પ્રકારના પ્રશ્નો અંગેની રજુઆત કરવામાં આવી હતી અને વાર્ષિક લોક દરબારના અધ્યક્ષ જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી દ્વારા ગામજનોના વિવિધ રજુઆતો સાંભરી હતી અને ગ્રામજનોને આશ્વાસન આપ્યું હતું કે તમારા પ્રશ્નોનું જલ્દી નિરાકરણ લાવી શું અને ડીવાયએસપી રાઠોડ દ્વારા ગ્રામજનોને જણાવેલ કે તમારા નાના બાળકોને વાહન ચલાવવા આપવું નહિ અને નિયમોનું પાલન કરવું અને જો કોઈ નાનો બાળકો જે સગીર હશે અને વાહન ચલાવતા પકડાશે તો પોલીસ દ્વારા વાહન મલિક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેથી તમારૂં બાળક ૧૮ વર્ષનું થાય તો નિયમો અનુસાર તેઓનું લાયસન્સ કાઢવી નિયમોનું પાલન કરવું તેમજ બાઈક ચાલકો એ ફરજીયાત હેલમેટનો ઉપયોગ કરવો અને પોલીસને સહકાર આપવા વિનંતી કરી હતી. આ કાર્યક્રમને ગ્રામજનોએ શાંતિપૂર્ણ રીતે સાંભળી કાર્યક્રમને સફર બનાવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ પોલીસ સ્ટાપ હાજર રહયો હતો.

## મોરવા(હ) તાલુકાના ખાનપુર ગામે સરકારી એસ.ટી.બસ દ્વારા મોટર સાયકલ ચાલકને અડફેટે લેતાં અકસ્માત સર્જાતા મોટર સાયકલ સવારનું કરૂણ મોત

મોરવા(હ),

મોરવા હડફ તાલુકાના ખાનપુર ગામે ગત રોજ તાજપુરી મુવાડી ફળિયાના યોગેશભાઈ ભારતસિંહ બારીઆ પોતાની મોટરસાયકલ (જી.જે.૧૭.એ.ક્યું.૯૦૦૮) લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે આ સમયે એક સરકારી એસ.ટી.બસ (જી.જે.૧૮.ઝેડ.ટી.૦૦૭૩)નાં ચાલકે પોતાની એસ.ટી.બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટર સાયકલ સાથે સામેથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માતમાં મોટર સાયકલ ચાલક યોગેશભાઈ બારીઆને રોડ ઉપર પાડી દઈ માથાના ભાગે તેમજ શરીરે ઓછી વતી ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી ગુન્હો કર્યો હતો. ત્યારે સમગ્ર મામલે પોલીસે સરકારી એસ.ટી. બસના ચાલક સામે ગુન્હો નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.